ધરમપુરથી પ્રસિદ્ધ થતું સૌ પ્રથમ અખબાર
સૂર્યસિંધુ
તંત્રી
દિનેશસિંહ એમ. દોડિયા
સાપ્તાહિક

Dharampur 24 May, 2018

# 'શ્રીમદ્ રાજચંદ્ર વિદ્યાપીઠ'ના T.Y.B.Sc.ના પ્રથમ જ બેચે ૮૫ ટકા પરિણામ સાથે ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી

## વલસાડ ડિસ્ટ્રીકટની કોલેજામાં દ્વિતિય ક્રમાંક હાંસલ કર્યો

**ધરમપુર**



આ વર્ષે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટીનું પરિણામ ૭૭ ટકા આવ્યું છે, જ્યારે ખૂબ ગર્વની વાત છે કે 'શ્રીમદ્ રાજચંદ્ર વિદ્યાપીઠ'નો આ પ્રથમ જ બેચ ૮૫ ટકા પરિણામ લાવ્યો છે જેમાં ૨૦ વિદ્યાર્થીઓએ ડીસ્ટીંગ્શન અને ૨૦ વિદ્યાર્થીઓએ ફર્સ્ટ કલાસ મેળવ્યો છે અને વલસાડ ડિસ્ટ્રીક્ટની કોલેજામાં તે દ્વિતિય ક્રમાંકે છે. નવા વિદ્યાર્થીઓ માટે ખૂબ આનંદના સમાચાર છે કે આ વર્ષથી અહીં બોટની અને મેથેમેટિક્સનો અભ્યાસક્રમ પણ શરૂ થઈ રહ્યો છે. આ ઉપરાંત કેમેસ્ટ્રી તથા માઈક્રોબાયોલોજીમાં અભ્યાસક્રમ પણ શરૂ થશે.

'શ્રીમદ્ રાજચંદ્ર વિદ્યાપીઠ'ના T.Y.B.Sc.ના પ્રથમ બેચમાં પ્રથમ ક્રમે રિતેશકુમાર મુકેશભાઈ પટેલ ૮૦.૫ ટકા સાથે પ્રથમ આવ્યો હતો. તેણે કહ્યું કે આજે મારા માટે અતિશય ગર્વનો દિવસ છે કે જ્યારે હું 'શ્રીમદ્ રાજચંદ્ર વિદ્યાપીઠ'ના T.Y.B.Sc.ના પ્રથમ બેચમાં પ્રથમ આવ્યો છું. અહીંની શિક્ષણ તથા અન્ય સુવિધાઓ અને સ્ટાફના પ્રેમપૂર્ણ સહયોગથી હું આ સિદ્ધિ મેળવી શક્યો છું. હું મારી જાતને અત્યંત નસીબદાર માનું છું." પ્રિતેશ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી સંલગ્ન આ કાલેજમાં કેમેસ્ટ્રી તથા માઈક્રોબાયોલોજીમાં અભ્યાસક્રમ ધરાવે છે.

શ્રીમદ્ રાજચંદ્ર વિદ્યાપીઠમાં આધુનિક ઉપકરણોથી સુસજ્જ પ્રયોગશાળાઓ, કમ્પ્યૂટર લેબ, અદ્યતન ગ્રંથાલય, ઑડિયો-વિડિયો સહિતના વિશાળ લેક્ચર રૂમ છે. અહીંના અનુભવી અને તજજ્ઞ સ્ટાફ દ્વારા શિક્ષણ ઉપરાંત વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અર્થે સ્પોર્ટસ્, કલા કૌશલ્ય પ્રવૃત્તિઓ, વ્યક્તિગત વિકાસ પ્રવૃત્તિઓ સાથે જીવન મૂલ્યો આધારિત શિક્ષણ આપવામાં આવે છે. વિદ્યાર્થીની આર્થિક પરિસ્થિતિને નાંધમાં લેતાં જો જરૂર જણાય તો તેને લોન તથા સ્કોલરશીપ પણ આપવામાં આવે છે.